# જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન

"સ્વામી વિવેકાનંદભવન" આઝાદ ચોક જૂનાગઢ–૩૬૨૦૦૧
ફોન નં. ૦૨૮૫–૨૬૨૨૦૮૯, ફેકસ નં. ૦૨૮૫–૨૬૫૧૫૧૦
ઈ–મેલ –municipalcorporationjund@yahoo.co.in


જૂ.મ.ન.પા.ફાયર/એન.ઓ.સી/જા.નં. ૨૨/૨૩ તા. ૭/૬/૨૦૨૩

## –:: ના – વાંધા પ્રમાણપત્ર ::–

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આ સાથે જણાવેલ **કેન્દ્રીય વિદ્યાલય જુનાગઢ. વોર્ડ–૧૫, આદર્શ નિવાસી શાળા પાછળ, બિલખા રોડ, જુનાગઢ** ખાતે આવેલ શાળા ના બિલ્ડીંગ માં કલાસ રૂમ **૧૬(સોળ)** ધરાવે છે. જેમાં શાળા ૦૯ મીટર થી ઓછી ઉંચાઇ ધરાવતી હોઇ શાળાએ નિયત નમુનામાં સ્વ એકરારનામુ, બીલ્ડીંગ લે–આઉટ પ્લાન તથા ગર્વમેન્ટ સર્ટીફાઇડ એજન્સી ઉત્તરપ્રદેશ જલ નીગમ નુ સેફટી સર્ટીફીકેટ રજુ કરેલ છે. આ શાળાએ અગાઉ અત્રેથી મેળવેલ ફાયર એન.ઓ.સી. જુ.મ.ન.પા.ફાયર/એન.ઓ.સી/જા.નં.૨૨, તા.૦૯–૦૬–૨૨ ની નકલ સાથે રજુ કરેલ છે. તેમજ નીચે જણાવેલ વિગત મુજબના આગ બુઝાવવા માટેના જરૂરી અગ્નિશામક સાધનો શાળામાં મુકવામાં આવેલ છે તે મુજબની બાહેંધરી તથા એફીડેવીટ ૧ વર્ષની મુદત્તનું રજુ કરેલ છે. જે અંગે ફાયર એન્ડ ઈર્મજન્સી સર્વિસીસ, મહાનગરપાલિકા, જૂનાગઢ ની શરતો ને આધિન શાળા નુ શિક્ષણ કાર્ય ચલાવવા માટે કોઈ હરકત સરખુ નથી જે અંગે આ **ના – વાંધા પ્રમાણપત્ર** આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | જરૂરીયાત | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઈ.એસ.આઈ. માર્ક એ.બી.સી. ટાઈપ ફાયર એક્ષટીંગ્યુશર ૨/૪/૬ કે.જી. કેપેસીટી | ૬. કે.જી. | ૧૦ નંગ |
| ૨ | આઈ.એસ.આઈ.માર્ક કાર્બન ડાયોકસાઈડ ટાઈપ ફાયર એક્ષટીંગ્યુશર ૨/૪.૫ કે.જી. કેપેસીટી. | ૪.૫ કે.જી. | ૦૨ નંગ |
| ૩ | આઈ.એસ.આઈ.માર્ક વોટર સી.ઓ.ટુ. ટાઈપ ફાયર એક્ષટીંગ્યુશર ૫/૯ કે.જી. કેપેસીટી. | ૫ કે.જી. | ૦૨ નંગ |
| ૪ | સેન્ડ બકેટ | ૫ કે.જી. | ૧૦ નંગ |
| ૫ | રૂટ માર્ક / એકઝીટ / સેફટી ને સબંધિત ઓટો–ગ્લો સાઈન બોર્ડ મુકેલ છે. | હા | હા |
| ૬ | ઈલેકટ્રીક વાયરીંગ ઉપર જરૂરી ઈ.એલ.સી.બી. / એમ.સી.બી. ફીટ કરેલ છે. | ઈ.એલ.સી.બી. | ૦૧ નંગ |

| |
|---|
| NOC Validity: upto 08-06-2024 |
| Previous Fire NOC જુ.મ.ન.પા.ફાયર/એન.ઓ.સી/જા.નં.૨૨, તા.૦૯–૦૬–૨૨ |
| NOC Fee Rs.750.00,Receipt No.92192/07/06/2023 |

ચિફ ફાયર ઓફિસર
મહાનગરપાલિકા,જૂનાગઢ

# —:: ના – વાંધા પ્રમાણપત્ર ની શરતો ::—

**૯ મીટર કે તેથી ઓછી ઉંચાઇ ધરાવતી શાળા માટે આપવામાં આવેલ ના – વાંધા પ્રમાણપત્ર ની સાથે સાથે નીચે જણાવેલ અન્ય શરતો નું પાલન ફરજીયાત પણે કરવાનું રહેશે.**

૧. અત્રેથી આપવામાં આવેલ ના–વાંધા પ્રમાણપત્ર માત્ર આગ – અકસ્માતની સલામતી ને ધ્યાને લઇ શૈક્ષણીક કાર્યને વિક્ષેપ ન પહોંચે તેવા ઉદેશથી માત્ર ૯ (નવ) મીટર થી ઓછી હાઇટ ધરાવતી શાળાને આગ સલામતીના હેતુસર જ આપવામાં આવેલ છે. જેનો ઉપયોગ જગ્યાની કાયદેસરતા કરવા કરાવવામાં માટે કરી શકાશે નહી.

૨. આપની શાળામાં જવા – આવવાના તમામ માર્ગો ઉપર હંગામી કે કાયમી ધોરણે કોઈપણ પ્રકારનો અવરોધ ઉભો કરી શકાશે નહી. તેમજ કલાસ રૂમની અંદર અત્રેથી આપવામાં આવેલ સુચના મુજબ જણાવેલ તમામ જગ્યાઓ ઉપર ફાયર રીટાર્ડન્ટ પેઈન્ટ, ઈલે. કેબલ કોટીંગ તથા પાર્કિંગ માટે ઉપયોગ થતી જગ્યાઓએ વોટર સ્પ્રીન્કલર સિસ્ટમ કરાવવાની રહેશે.

૩. આપની શાળા ના બિલ્ડીંગના દાદરમાં તેમજ સાર્વજનિક જગ્યા, લોબીમાં ધુમાડો ભરાય નહી તે મુજબનું આપેલ સુચના મુજબનું વેન્ટીલેશન કાયમી ધોરણે રાખવા રખાવવાનું રહેશે. જે માટે જે તે બિલ્ડીંગના હોદેદારો સાથે જરૂરી સંકલન કરવાની જવાબદારી શાળાના આચાર્યશ્રી ની રહેશે.

૪. શાળાએ નિયમોનુશાર ટાઉન પ્લાનીંગ શાખા પાસે થી બીલ્ડીગ યુટીલાઇઝેશન પ્રમાણપત્ર અલગથી ફરજીયાત પણે અલગથી મેળવેલ હોવુ જોઈએ.

૫. શાળાએ શૈક્ષણીક કાર્ય ચલાવવા માટે મેળવે ફાયર અંગેના ના – વાંધા પ્રમાણપત્ર મેળવતી વખતે બતાવવામાં આવેલ જગયામાં ફાયર એન્ડ ઈમર્જન્સી, મહાનગરપાલિકા,જૂનાગઢ સર્વિસીસની સક્ષમ સતાની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય આગ લાગવાની સંભાવના હોય તેવી કોઇ લેબોરેટરી શરૂ કરવા કે શોક સર્કિટની સંભાવના ધરાવતા ઈલેકટ્રીક સાધનો લગાવવા બાબતે કોઈપણ પ્રકારનો માળખાગત ફેરફાર કરી શકાશે નહી.

૬. આપની શાળામાં કોઈપણ પ્રકારનો માળખાગત ફેરફાર આગળ જણાવેલ વિગત મુજબ મંજુરી બાદ કરવામાં આવેલ હોય તે સંજોગોમાં જે તે જગ્યા ઉપર આગ – અકસ્માત સંભવિત જોખમોને ધ્યાનમાં રાખી લોકો ના જાન – માલ ની જાહેર સલામતી હેતુસર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, મહાનગરપાલિકા,જૂનાગઢ ના અધિકૃત અધિકારી ધ્વારા જે ફેરફાર કે અમલ કરવાનું સુચવવામાં આવે તે મુજબની જરૂરી કાર્યવાહી જણાવવામાં આવેલ નિયત સમય મર્યાદામાં અમલ કરવાની જવાબદારી શાળાના આચાર્યશ્રી ની રહેશે.

૭. આપની શાળામાં મુકવામાં આવેલ જે તે પ્રકારના અગ્નિશામક સાધનોને તેની નિયત ટેકનીકલ જરૂરીયાત મુજબ ગુણવતા આધારીત કાર્યરત રાખવાની અને જરૂર પડે તો ઉપયોગ કરવા માટે ની મુળભુત તાલીમ જાણકારી મેળવવાની તથા અન્ય સ્ટાફ કર્મચારીઓ ને અપાવવાની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

૮. આપની શાળામાં ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, મહાનગરપાલિકા, જૂનાગઢ ના સંબધિત અધિકારીઓ ધ્વારા જયારે જયારે પણ સમય આધારીત કે આકસ્મિક સ્થળ તપાસ કરવામાં આવે ત્યારે કોઈપણ શરતોનું ઉલંઘન કરેલું જણાશે તો કોઈપણ પ્રકારના ખુલાસાની તક આપ્યા વગર આપવામાં આવેલ આ ના – વાંધા પ્રમાણપત્ર રદ કરવામાં આવશે જેની ગંભીરતા પૂર્વક નોંધ લેવા તાકિદ કરવામાં આવેછે.

**– હુકમથી –**

**સાહેબશ્રી,**

અમારી ૯ મીટરની ઓછી ઉંચાઇ ધરાવતી શાળા માટે આપવામાં આવેલ ના – વાંધા પ્રમાણપત્રમાં જણાવેલ શરતો ની બાબતે અમને સમજ આપવામાં આવેલી છે જેની અમોએ ગંભીરતા પૂર્વક નોંધ લીધેલ છે અને લોકોના જાન–માલ ની જાહેર સલામતી હેતુસર તેનું પાલન કરવાની અમો કાનૂન અને નૈતિકતાના રાહે જવાબદારી સ્વીકારીએ છીએ.

**શાળાના આચાર્યની સહિ**

**(નામ:::— )**

**प्राचार्य / Principal**
**केन्द्रीय विद्यालय**
**Kendriya Vidhyalaya**
**जूनागढ / Junagadh**